# ગાંધીનગરમાં પ્રાથમિક શિક્ષક સંઘના ધરણા

## આવેદનપત્રમાં સાત માંગણીઓની રજૂઆત : બિન શૈક્ષણિક કામગીરી નહિ સોંપવા અને જુની પેન્શન પ્રથા ચાલુ કરવા આક્રમક લડતના મૂડમાં ગુરૂજનો





ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આજે ગાંધીનગર ખાતે સત્યાગ્રહ છાવણી ખાતે દિવસ દરમ્યાન ધરણા યોજી સાંજે રાજ્યના મુખ્યમંત્રીને ઉદ્દેશને આવેદનપત્ર આપવામાં આવ્યુ છે.

આજે યોજોયલ ધરણાના કાર્યક્રમ દરમ્યાન શિક્ષક નેતાઓએ ૪૨૦૦નો ગ્રેડ પે ચાલુ રાખવા ઉપરાંત સાતમા પગાર પંચ મુજબ અન્ય ભથ્થાઓ જાહેર કરવા તેમજ બિન શૈક્ષણિક કામગીરી નહિ સોંપવાની માંગણી સહિત સાત જેટલા મુદ્દાઓના ઝડપી ઉકેલની સ્પષ્ટ માંગ કરી હતી. આજે યોજાયેલ ધરણના કાર્યક્રમ દરમ્યાન આગેવાનોએ કરેલા આગ ઝરતા પ્રવચનોમાં આગામી દિવસોમાં સરકારી કામગીરી સહિતની કામગીરીનો બહિષ્કાર કરવા જેવા જલદ આંદોલનની પણ ચેતવણી આપી હતી.

આ આગેવાનોએ જુની પેન્શન યોજના ચાલુ કરવાની પણ માંગ કરી હતી. આ ધરણા દરમ્યાન આગામી દિવસોમાં રાષ્ટ્રીયસ્તરે યોજાનારા કાર્યક્રમોની પણ જાણકારી આપવામાં આવી હતી.

શિક્ષકોએ સરકાર પર એવો પણ આરોપ લગાવ્યો હતો કે પ્રાથમિક શિક્ષક સંઘની એકતાને તોડવાનો પ્રયાસ સરકાર દ્વારા કરવામાં આવી રહ્યો છે જે ખુબ જ નિંદનીય છે. શિક્ષકો પાસે બિન શૈક્ષણિક કામગીરી પણ વધુ કરાવવામાં આવે છે અને તેની અસર બાળકોના શિક્ષણ પર પડી રહી છે.

આ આગેવાનોએ જણાવ્યુ હતુ કે અમે ૧૦ વર્ષના બોન્ડવાળા શિક્ષકોના બોન્ડના સમયગાળામાં ઘટાડો કરવાની પણ માંગણી કરી રહ્યા છે આ ઉપરાંત એચ. ટાટના વધના નિયમોમાં સંખ્યાનો રેશિયો દૂર કરવા માટે પણ માંગણી કરી છે તેનો સરકારે કોઈજ પ્રતિસાદ આપ્યો નથી તે દુઃખદ છે.

આજના આ ધરણાના કાર્યક્રમમાં રાજ્યભરમાંથી સંગઠનના આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.



**ધનસુરાના હીરાખાડી મગનપુરા જલારામ મંદિર ખાતે દિવ્યાંગજનોના સમુહલગ્ન યોજાયા**

અરવલ્લી ફિઝીકલી હેન્ડીકેપ્ડ વેલ્ફર મંડળ બુટાલ તેમજ સંગાથ મિશન મોડાસા દ્વારા દિવ્યાંગજનોના સમુહલગ્નનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ ધનસુરાના હીરાખાડી મગનપુરા જલારામ મંદિર ખાતે યોજાયો હતો. આ દિવ્યાંગ જીવન સંગાથ કાર્યક્રમમાં ૩ જોડા લગ્નગ્રંથિથી જોડાયા હતા. સાથે દિવ્યાંગ સાધન સહાય વિતરણ તેમજ ગરમ ધાબળા વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લાના દિવ્યાંગ ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ફિઝીકલી હેન્ડીકેપ્ડ વેલ્ફર મંડળ, બુટાલના વિનોદચંદ્ર બી. પટેલ, જગદીશભાઈ પટેલ(પ્રમુખશ્રી, જલારામ મંદિર ટ્રસ્ટ), સંગાથ મિશનના શુભમ પટેલ, અતુલભાઈ બ્રહ્મભટ્ટ, હરેશભાઈ પટેલ, મહેશભાઈ પટેલ, ચંદ્રકાંન્તભાઈ પટેલ, કેશુભાઈ પટેલ, વિઠ્ઠલભાઈ પટેલ, મનહરભાઈ દેસાઈ, ઈશ્વરભાઈ પ્રજાપતિ, ઠાકોર હર્ષાબેન, કાન્તિભાઈ પટેલ, ઠાકોર કાન્તિભાઈ અને જલારામ મંદિરના ટ્રસ્ટીઓ અને દિવ્યાંગ ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## જમીન વિકાસ બેંકોના રાષ્ટ્રીય ફેડરેશનમાં બનાસકાંઠાના સાંસદ પરબતભાઈ પટેલની નિમણુંક

પાલનપુર, તા. ૨૦

સહકારી અગ્રણી અને બનાસકાંઠાના સાંસદ પરબતભાઈ પટેલની જમીન વિકાસ બેંકોના રાષ્ટ્રીય ફેડરેશનની તા. ૧૮ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ હૈદરાબાદ ખાતે મળેલ ૧૫૯મી બોર્ડ ઓફ મેનેજમેન્ટની મીટીંગમાં ફેડરેશનના બોર્ડ ઓફ ડીરેક્ટર્સ તરીકે નિમણુંક થયેલ છે. સદર બોર્ડ બેઠકમાં ખેતી બેંક તરફથી બેંકના કસ્ટોડીયન પ્રતિક ઉપાધ્યાય તથા ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટર વિ.એમ. ચૌધરી ઉપસ્થિત રહેલ.

પરબતભાઈ પટેલ હાલ વર્ષ ૨૦૧૯થી બનાસકાંઠા જિલ્લામાંથી સંસદ સભ્ય તરીકે પ્રતિનિધિત્વ કરેલ છે. અગાઉ તેઓએ સળંગ પાંચ ટર્મ સુધી ગુજરાત વિધાનસભામાં ધારાસભ્ય તરીકે



તથા ૧૦ વર્ષ સુધી ગુજરાત સરકારમાં મંત્રી તરીકે સેવાઓ આપેલ છે. પરબતભાઈ પટેલનો સહકારી ક્ષેત્રમાં લાંબા સમયનો અનુભવ તથા ગ્રામીણ સહકારી ક્ષેત્રની ઉંડાણપૂર્વકની સમજના કારણે તેઓની રાષ્ટ્રીયકક્ષાએ નિમણુંક થયેલ છે.

આ નિમણુંક થવાથી નેશનલ ફેડરેશન મારફત દેશની તમામ જમીન વિકાસ બેંકોના પ્રશ્નોની કેન્દ્ર સરકારમાં યોગ્ય રજૂઆત કરવામાં મદદ મળશે અને ગુજરાત રાજ્યની ખેતી બેંકને પણ માર્ગદર્શન મળવાથી બેંકના સભાસદો તથા લોન ખાતેદારોને અને બેંકના વિકાસમાં ઉપયોગી થશે. પરબતભાઈ પટેલ બનાસ બેંક તથા બનાસ ડેરીના ડીરેક્ટર તરીકે તથા થરાદ તાલુકા ખરીદ વેચાણ સંઘ અને ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, થરાદના ચેરમેન તરીકે અને અન્ય સામાજીક, રાજકીય ક્ષેત્રે ખુબજ ઉત્તમ સેવાઓ આપેલ છે.



જેપી નડ્ડાની ભાજપ પ્રમુખ તરીકે નિમણૂંક કરવામાં આવ્યા બાદ જુદા જુદા રાજ્યોના મુખ્યમંત્રીએ પણ શુભેચ્છા પાઠવી હતી. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પણ શુભેચ્છા પાઠવી હતી.

### પોષણ માસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિજેતાઓને પુરસ્કાર આપવામાં આવશે તેમજ આંગણવાડી કેન્દ્રની મહાનુભાવો દ્વારા મુલાકાત યોજવામાં આવશે. આ કાર્યક્રમના રૂટ અને આયોજનને તંત્ર દ્વારા આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ૨૬ જાન્યુઆરી પછી જિલ્લામાં આ અભિયાનનો વિધિવત્ આરંભ થશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આ માસની ઉજવણી દરમ્યાન રન ફોર પોષણ જેવા કાર્યક્રમોનું આયોજન કરવુ તેમજ અતિ ઓછુ વજન ધરાવતા બાળકો દાતાઓ દત્તક લે તે રીતે આયોજન કરી જાહેર કાર્યક્રમમાં આવા ''પાલક પિતા''નું સન્માન થાય તે જોવા પણ આવ્યુ છે.

જિલ્લામાં જ નહિ પણ સમગ્ર રાજયમાં કુપોષણની સમસ્યા વિકરાળ બની રહી છે ત્યારે સરકારે આ દિશામાં સમગ્ર ધ્યાન કેન્દ્રીત કરી ગ્રામીણ સ્તરે આવા કાર્યક્રમો કરી અને કુપોષણમુક્તિ અભિયાન જન આંદોલન બને તે દિશામાં આખી વ્યુહરચના તૈયાર કરી છે.

### રીંગરોડને ફોરલેન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ નિર્માણ કરાશે જેથી વાહનોની અવરજવર વધુ સલામત અને સરળ બનશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૩૭ કરોડનો ખર્ચ કરાશે આ કાર્યયોજના અન્વયે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. જેના અંતે આગામી દિવસોમાં કામ શરૂ કરાશે. બીજીતરફ હજુ શહેરના નવા અને જુના સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ પણ લાંબા સમયના અંતે હાથ ધરાયુ નથી. શહેરના મુખ્યમાર્ગો સાથે હવે સેકટરોની વસતી અને વિકાસને ધ્યાને લઈ સ્માર્ટ સીટી અંતર્ગત રીંગ રોડને પહોળા કરવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે . આગામી દિવસોમાં સેકટરોના આંતરિક વિસ્તારનો નઝારો બદલાશે.

**સ્ટડી ઇન ગુજરાત પ્રથમ અભિયાન : રોડ શો**

## વિદેશમાં વસતા ભારતીયોને શિક્ષણ માટે ગુજરાત આવવા આમંત્રણ

### શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાનાં અધ્યક્ષપદે મધ્ય પૂર્વ દેશોમાં યોજાયેલ રોડ શોને અપ્રતિમ સફળતા

ગુજરાતને ભારતના શિક્ષણ કેન્દ્ર તરીકે વિકસાવવા માટે તેમજ દેશ-વિદેશમાંથી વિદ્યાર્થીઓને આમંત્રિત કરવા માટે તા.૧૫ જાન્યુઆરી ૨૦૨૦થી તા.૧૯ જાન્યુઆરી ૨૦૨૦ દરમિયાન શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષ પદે પૂર્વમધ્ય દેશોમાં ''સ્ટડી ઈન ગુજરાત'' પ્રથમ અભિયાન અંતર્ગત રોડ શોનું આયોજન થયું હતું. આ રોડ શોને કુવૈત અને દુબઈ ખાતે અપ્રતિમ સફળતા મળી છે.

શિક્ષણમંત્રી ચુડાસમા અને શિક્ષણ વિભાગના અગ્ર સચિવ અંજુ શર્માના નેતૃત્વ હેઠળના પ્રતિનિધિમંડળે કુવૈત અને દુબઈમાં યોજાયેલ રોડ શો દરમિયાન ત્યાં વસતા ભારતીયોએ ગુજરાતને ભારતના શિક્ષણ કેન્દ્ર તરીકે પ્રોત્સાહિત કરવા માટેના રાજય સરકારના આ પ્રયાસોને બિરદાવીને સંપૂર્ણ સહયોગ આપવા તત્પરતા દર્શાવી છે. દુબઈ ખાતે આગામી સપ્ટેમ્બર માસમાં યોજાનાર



આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી સંમેલનમાં ભાગ લેવા માટે ગુજરાતને પણ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ રોડ શો દરમિયાન ગુજરાતના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને ઉચ્ચ તેમજ ટેકનિકલ શિક્ષણ વિભાગના અગ્ર સચિવ અંજુ શર્માના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળે કુવૈત અને દુબઈની મુલાકાત લીધી હતી. આ બંને દેશોમાં યોજાયેલા એક્ઝિબિશન અને રોડ શૉ દરમિયાન ૧૫૦૦ કરતાં પણ વધુ વિદ્યાર્થીઓ, શિક્ષણવિદો, આચાર્યો, શિક્ષણક્ષેત્રના પ્રતિષ્ઠિત લોકો, એમ્બેસેડર્સ અને કોન્સ્યુલ જનરલ ઉપસ્થિત રહ્યા હતા.

આ આંતરરાષ્ટ્રીય રોડ શૉ દરમિયાન ૧૭ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેમાં કુવૈતમાં ૬ અને દુબઈમાં ૧૧ એમઓયુ થયાં હતાં. કુવૈતમાં ડિઝાઈન અને ઈનોવેશન ક્ષેત્રે સ્વર્ણિમ સ્ટાર્ટ-અપ યુનિવર્સિટી અને બોક્સ હિલ કોલેજ વચ્ચે ડિઝાઈન અને આર્કિટેક્ચર ક્ષેત્રે બોક્સ હિલ કોલેજે ગુજરાત ટેક્નીકલ યુનિવર્સિટી, CEPT, GNLU, PDPU અને સાંકળચંદ પટેલ યુનિવર્સિટી સાથે અલગ-અલગ એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા.

આ ઉપરાંત, શિક્ષણમંત્રીના નેતૃત્વ હેઠળ પ્રતિનિધિમંડળે બંને દેશોમાં ભારતીય ડાયસ્પોરાની પણ મુલાકાત કરી હતી, મોટી સંખ્યામાં ભારતીય ડાયસપોરાના લોકો ઉપસ્થિત રહ્યા હતા, જેઓએ ગુજરાત સરકારની આ પહેલનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. યુવાનોને તેમના ભવિષ્ય માટે તૈયાર કરવાના ઉદ્દેશથી ભારત સરકાર તેમજ ગુજરાત સરકાર આ પ્રકારના નાવીન્યસભર અભિયાન ચલાવી રહી છે તે બદલ પ્રશંસા વ્યક્ત કરી હતી. શિક્ષણ આધારિત અર્થતંત્રના આ યુગમાં તમામ સભ્યોએ રાજ્ય સરકારના આ પ્રયાસોની પ્રશંસા કરી હતી અને તેઓ જ્યાં પણ જશે ત્યાં ગુજરાતને ભારતના શિક્ષણ કેન્દ્ર તરીકે પ્રોત્સાહિત કરવા માટે તેમનો સંપૂર્ણ સહયોગ આપવા તત્પરતા દર્શાવી છે.

### ૧૦૦ વૃક્ષો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મકાનોનું નિર્માણ કરવામાં આવનાર છે. એક તરફ પર્યાવરણની જાળવણી માટે વધુ વૃક્ષો વાવવાની વાત કરતી સરકાર બીજી તરફ મકાનોના નિર્માણ માટે ૩૦ વર્ષની આયુ ધરાવતા ઘેઘુર વૃક્ષો કાપી જગ્યા ખુલ્લી કરે છે તેને લઈ પર્યાવરણ પ્રેમીઓ અને વસાહતીઓમાં પણ નારાજગી અને આક્રોશની લાગણી પ્રસરી જવા પામી છે. સેકટર-૬માં જે વૃક્ષો દૂર કરવામાં આવ્યા છે તેમાં લીમડો, કણજી, ઉમરો, કાસીદ, પકોપ, આંબો અને આસોપાલવ જેવા વૃક્ષોનો સમાવેશ થાય છે. શહેરમાં વૃક્ષો આડેધડ કાપવામાં આવી રહ્યા હોવાથી હરિયાળા નગરની ઓળખ ધરાવતું નગર હવે સિમેન્ટ કોક્રીંટના જંગલ તરીકે ઉભરી રહ્યું છે.

### ઘ-૪ પાસે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત આ સર્વિસ રોડ પર સ્થિત બેંક તેમજ અન્ય હોટલ દુકાનોને અનુલક્ષીને પાર્કીંગ માટે એક મેદાન પણ તૈયાર કરી દેવાયુ છે. પરંતુ સાંકડા સર્વિસ રોડ પર વાહનોની અવરજવર વધતા વારંવાર ટ્રાફિક જામના દ્રશ્યો પણ સામે આવ્યા હતા. મંગળવારથી એસ ટી બસો પણ ઘ-૩ થી ચ-૩ થઈને ચ-૫ અને ઘ-૫ તરફ આગળ વધશે અલબત્ત સિવિલ તેમજ ઘ-૪ ના બસ સ્ટોપ પર એસ ટી બસ સ્ટોપ નહીં કરે જયારે નિયત ડાયવર્ઝનના રૂટમાં જ બસ આગળ વધશે જેથી એસ ટી બસમાં મુસાફરી કે અપડાઉન કર્તા મુસાફરોએ પણ આ વાતનો વિશેષ ખ્યાલ રાખવો પડશે. અન્ડર પાસને અનુલક્ષીને કામગીરી લાંબો સયમ ચાલશે જેથી અંદાજિત ત્રણ મહીના સુધી આ ડાયવર્ઝન મુજબ ટ્રાફિકની અવરજવર થશે. જેના લીધે મુખ્યમાર્ગો પર ટ્રાફિકનો સિનારીયો બદલાશે. ડાયવર્ઝનના લીધે વાહનોની અવરજવર ખોરવાઈ છે. જો કે ડાયવર્ઝનને અનુલક્ષી કોર્પોરેશન દ્વારા ઠેર ઠેર બોર્ડસ પણ લગાવી દેવાયા છે.

### નિર્ણય શક્તિ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

'એક હાઈએસ્ટ ફોરમની મીટિંગ હતી. ત્યાં આઈએએસ અધિકારીઓ કહેતા હતા 'શરૂ કરીશું, શરૂ કરીશું' તો મેં એમને કહ્યું કે તમે શા માટે શરૂ કરશો? તમારામાં જો શરૂ કરવાની તાકાત હોત તો તમે આઈએએસ અધિકારી બનીને અહીંયા નોકરી શું કામ કરત? ગડકરીએ કહ્યું કે ૨૦૨૪-૨૫ના વર્ષ સુધીમાં દેશને ૫,૦૦૦ અબજ ડોલર (૫ ટ્રિલિયન ડોલર)નું અર્થતંત્ર બનાવવાનું કેન્દ્ર સરકારનું લક્ષ્ય કઠિન છે.

### નડ્ડાની તાજપોશી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અમિત શાહે ગૃહમંત્રી તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદથી ભાજપના કારોબારી પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી રહેલા જેપી નડ્ડા હવે પૂર્ણ અધ્યક્ષ બની ગયા છે. લો પ્રોફાઈલ રહેનાર અને પોતાના નિવેદનોથી દૂર રહેનાર જેપી નડ્ડા ભલે કરિશ્માઈ નેતા નથી પરંતુ સંગઠન ઉપર તેમની હંમેશા પકડ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નજીકના સાથી તરીકે પણ તેમને ગણવામાં આવે છે. ૧૯૯૧માં જે દોરમાં જેપી નડ્ડા યુવા મોરચાનું નેતૃત્વ સંભાળી રહ્યા હતા ત્યારે મોદી મહાસચિવ તરીકે હતા. તે વખતથી જ બંને વચ્ચેના સારા સંબંધ રહ્યા છે. વડાપ્રધાન મોદીનું કદ વધ્યું ત્યારે તેમની સાથે સાથે નડ્ડાની રાષ્ટ્રીય રાજનીતિમાં પણ વધારો થયો હતો. યુપીમાં ઉલ્લેખનીય કામગીરી અદા કરવામાં જેપી નડ્ડા સફળ રહ્યા છે. પાર્ટી પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા બાદ જેપી નડ્ડાએ તમામ વરિષ્ઠ નેતાઓના આશીર્વાદ મેળવ્યા હતા. દિલ્હીમાં પાર્ટી ઓફિસ પર તેમનું ભવ્ય સ્વાગત કરાયું હતું જેમાં વડાપ્રધાન મોદી ઉપરાંત અમિત શાહ, લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી, રાજનાથસિંહ, નીતિન ગડકરી ઉપસ્થિત રહ્યા હતા. નડ્ડાએ તમામના ચરણસ્પર્શ કરીને આશીર્વાદ લીધા હતા. જેપી નડ્ડાએ ત્યારબાદ સંબોધન પણ કર્યું હતું. અમિત શાહે પણ સંબોધન કર્યું હતું. ભાજપના તમામ નેતાઓએ તેમને શુભેચ્છા પાઠવી હતી. રાજનાથસિંહે કહ્યું હતું કે, ૨૦૧૩માં પ્રજાના જનમાનસના લોકો કોઈને વડાપ્રધાન તરીકે જોવા ઈચ્છુક હતા તો તે નરેન્દ્ર મોદી હતા.

### ખદેડાયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રોકયા, પરંતુ થોડીક વારમાં ચીનના ચરવૈયા આ વિસ્તારમાં ફરતા દેખાયા. ઈન્ડો-તિબેટિયન બોર્ડર પોલીસએ સરહદ પર જ આ મામલાને ઉકેલવાની કોશિષ કરી. ત્યારબાદ ભારતીય ચરવૈયાને વિશ્વાસ અપાવ્યો કે તેમનો આ મુદ્દો ચીની સેનાની સાથે બોર્ડર મીટિંગમાં ઉઠાવાશે. ત્યાં જ તેનો ઉકેલ લાવી દેવામાં આવશે.

## ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે એક કાનૂની શિબિર યોજાઈ

આજના સાંપ્રત યુગમાં ગાંધી મૂલ્યોનું સતત જતન કરતી ગુજરાત વિદ્યાપીઠ, રાંધેજા ખાતે જિલ્લા ન્યાયાલય, ગાંધીનગરના જિલ્લા કાનુની સેવા સત્તામંડળ દ્વારા એક કાનુની શિબિરનુ સરસ અને શિસ્તબદ્ધ આયોજન કરવામાં આવેલ હતુ.

૧૨ જાન્યુઆરી સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતિના ઉપલક્ષ્યમાં શિબિરનો વિષય હતો ''નેશનલ યુથ ડે'' ઉજવણીનો સ્વામીજીની જન્મ જયંતિને કેન્દ્ર સરકારે સાલ ૧૯૮૫ થી ''નેશનલ યુથ ડે'' તરીકે ઉજવવાનુ નક્કી કરેલ છે. અને તેના અનુસંધાનમાં કોર્ટના પેરાલીગલ વોલન્ટીયર સુધીર દેસાઈએ પ્રસંગોચીત ઉદ્‌બોધન કરી સ્વામીજીના પ્રરણાત્મક સુત્રો-વિચારો ટાંકીને ત્યાં ઉપસ્થિત લગભગ ૮૬ જેટલા વિદ્યાર્થીઓને સંબોધન કરેલ. ઉપરાંત મહાત્મા ગાંધી જો કે તેઓ દુર્ભાગ્યવશ સ્વામીજીને રૂબરૂ કદી મળી શકયા ન હતા પરંતુ સ્વામીજીના સાલ ૧૯૦૨માં નિધન બાદ સાલ ૧૯૨૧માં જ્યારે ગાંધીજીને બેલુરમઠ કલકત્તા જવાનુ થયુ ત્યારે તેમણે સ્વામીજી માટે કહેલા શબ્દોની યાદ આપેલ હતી કે ''સ્વામીજીના લખાણો, કામગીરીઓ વાંચીને જાણીને તેઓના એટલે કે ગાંધીજીનો રાષ્ટ્ર પ્રત્યેનો પ્રેમ હજાર ગણો થયો છે !!

શિબિરના મુખ્ય મહેમાન પદે સંયોજક રાજીવભાઈ પટેલ તથા પ્રાધ્યાપક લોકેશ જૈન ખાસ ઉપસ્થિત રહેલ હતા. રાજીવભાઈ પટેલે સ્વાગત પ્રવચન બાદ સ્વામીજીના કાર્યો, પુસ્તકો વગેરેની વિશદ છણાવટ ખાસ કરેલ. લોકેશ જૈને પણ સ્વામીજીને પોતાના વકતાવ્યમાં આદરપૂર્વક યાદ કર્યાહતા. શિબિરના અંતે પેરાલીગલ વોલન્ટીયર મનસુખભાઈ કોટેચાએ ઉપસ્થિત સહુને ''બંધારણના આમુખ''નું પઠન કરાવેલ હતુ.

### મોદીની શીખ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્યોમાંથી પસંદ કરીને આમંત્રિત કરવામાં આવ્યાં હતા. કાર્યક્રમને પરીક્ષા પે ચર્ચા એવું નામ આપવામાં હતું.

પીએમ નરેન્દ્ર મોદીએ વિવિધ માધ્યમો દ્વારા થઈ રહેલા જીવંત પ્રસારણમાં સંબોધનની શરૂઆતમાં વાતાવરણને હળવુ બનાવવા કહ્યું હતું કે તેઓ આજે બધા છાત્રો સામે એક પીએમની જેમ નહિ પરંતુ એક દોસ્તની જેમ તેમની સમક્ષ આવ્યા છે, તેમનો આ દોસ્ત ફરીથી એક વાર તેમની સામે છે, તેમના આ સંબોધનને તાળીઓના ગડહડાટથી વધાવી લેવામાં આવ્યું હતું. પીએમે કહ્યુ કે જો હું આ ચર્ચા ના કરતો તો પણ મારા પીએમ પદ પર કોઈ અસર ના પડત. પરંતુ મને લાગ્યુ કે તમારો અને તમારા માતાપિતાનો બોજ હળવો કરવો જોઈએ.

નાપાસ થઈને નિરાશ થતાં છાત્રોના સંદર્ભમાં તેમણે ઈસરોના નિષ્ફળ ગયેલા મિશન ચંદ્રયાનનો દાખલો આપ્યો હતો. ચંદ્રયાન મિશનની ઘટનાનો ઉલ્લેખ કરતાં તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે તેમના કેટલાક સાથીઓએ ચંદ્રયાન મિશનના સ્થળે ન જવાની સલાહ આપી હતી, કેમ કે આ અભિયાનમાં સફળતાની કોઈ બાંયધરી નથી, મિશન નિષ્ફળ પણ જઈ શકે છે. આ હોવા છતાં, મોદીએ કહ્યું કે તેઓ ઈસરોના મુખ્ય મથક ગયા અને જ્યારે મિશન નિષ્ફળ ગયું ત્યારે વૈજ્ઞાનિકોની વચ્ચે રહીને તેમને ઘણું પ્રોત્સાહન આપ્યું હતું. અને નિરાશ ન થવાની પ્રેરણા આપી હતી.

પરીક્ષામાં ગુણના મહત્વને લગતા પ્રશ્નના જવાબમાં મોદીએ કહ્યું હતું કે પરીક્ષામાં સારા ગુણ મેળવવું એ બધું જ નથી. તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓએ એમ વિચાર કરીને બહાર નીકળવું જોઈએ કે પરીક્ષા એ બધું છે. આ દરમિયાન તેમણે વિદ્યાર્થીઓને રમતગમત, કલા અને સંગીત સહિત શિક્ષણ સિવાયની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા અપીલ કરી હતી.

પીએમે કહ્યુ કે શું ક્યારેય આપણે વિચાર્યુ છે કે મૂડ ઑફ કેમ થાય છે? પોતાના કારણે કે બહારના કોઈ કારણથી? મોટાભાગે તમે જોયુ હશે કે જ્યારે મૂડ ઑફ થાય છે, તો તેનુ કારણ મોટાભાગે બહારનુ જ હોય છે. પીએમે કહ્યુ કે આપણે નિષ્ફળતાઓમાં પણ સફળતાનુ શિક્ષણ મેળવી શકીએ છીએ. દરેક પ્રયાસમાં આપણે ઉત્સાહ ભરી શકીએ છીએ અને કોઈ વસ્તુમાં તમે નિષ્ફળ થઈ ગયા તો તેનો અર્થ એ છે કે હવે તમે સફળતા તરફ નીકળી પડ્યા છો.

### કોર્પોરેટ ટેક્સ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરી હતી. ૨૫૦ કરોડ રૂપિયા સુધી ટર્નઓવરવાળી કંપનીઓ માટે કોર્પોરેટ ટેક્સના દરને ૩૦ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કરવાની જાહેરાત કરી હતી તે પહેલા બજેટ ૨૦૧૭માં ૫૦ કરોડ રૂપિયા સુધીના ટર્નઓવરવાળી કંપનીઓ માટે કોર્પોરેટ ટેક્સના દર ૩૦ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કરવામાં આવ્યા હતા. જુલાઈ ૨૦૧૯ સુધી ૨૫૦ કરોડથી વધુના ટર્નઓવરવાળી કંપનીઓ માટે ટેક્સના દર ૩૦ ટકાનો હતો. જુલાઈ ૨૦૧૯માં નિર્મલા સીતારામને મોદી સરકાર-૨ તરફથી પ્રથમ બજેટ રજૂ કર્યું હતું. આ બજેટમાં કોર્પોરેટ ટેક્સમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. તેઓએ જાહેરાત કરી હતી કે, ૪૦૦ કરોડ સુધીના ટર્નઓવરવાળી કંપનીઓને ૨૫ ટકા ટેક્સની ચુકવણી કરવાની રહેશે. સુસ્ત પડી રહેલી અર્થવ્યવસ્થાને ગતિ આપવા માટે ૨૦મી સપ્ટેમ્બર ૨૦૧૯ના દિવસે નિર્મલા સીતારામને એકાએક કોર્પોરેટ ટેક્સ રેટમાં ઘટાડો કરવાની જાહેરાત કરી હતી. સ્થાનિક કંપનીઓ ઉપર કોઈપણ પ્રકારની છુટછાટના કોર્પોરેટ ટેક્સને ૨૨ ટકા કરાયો હતો. સરચાર્જ અને સેસ ઉમેરીને અસરકારક દર ૨૫.૧૭ ટકા કરવામાં આવ્યો હતો.